# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"સુડાભવન" વેસુ-આભવા રોડ, વેસુ સુરત.

ફોનં નં.૦૨૬૧-૨૫૦૦૦૬૪,૬૫,૬૬

Outward No. :

Proposal No. : NO.SUDA/U-4/ICH/0051/19-20/ ૨૪૪૦૨

Outward Date : 24 OCT 2019

**વાંચન મા લીધુ** :

1. **શ્રી મેહુલભાઈ લાભુભાઈ લાખાણી તે હીરપલ કોર્પોરેશનના પ્રોપ્રાયટર, રહેવાસી: બી/૯૦૬, શાલીગ્રામ એપાર્ટ., નવી કોર્ટ બિલ્ડીંગની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત, (M) 98986-15011 ની વિકાસ પરવાનગીની અરજી.**
2. સુરત શહેરી વિકાસ સત્તામંડળ તા. 11/2/99 ના હુકમ નં. સુડા/યુ.6/વશી-199/855.
3. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.29/05/2001 ના હુકમ ક્રમાંક પરચ/102001/455/લ.
4. ગુજરાત રાજ્ય સરકારશ્રીના હુકમ નં. જીએચ/વી/100 ઓફ 2004/ડીવીપી/1403/3300/એલ. તા.2-9-2004 ના અસાધારણ રાજ્યપત્રનુ પ્રસિધ્ધ કરેલ જાહેરનામુ.
5. સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. 06/04/2005 ની બેઠક નં. 195 ના ઠરાવ નં. 2371
6. અત્રેની કચેરીના આદેશ નં. સુડા/યુ.4/વિપઅ/6132/2283 તા. 11/04/2005.
7. અત્રેની કચેરીના હુકમ નં. સુડા/યુ.4/વિપઅ/પાવર્સ/1063/ટેક/જ.વ.-783/2005 તા.05/10/05
8. IFP : PROJECT ID NO : 998871.

**વિકાસ પરવાનગી**

ઉપરોક્ત આમુખ-૧ માં દર્શાવેલ **શ્રી મેહુલભાઈ લાભુભાઈ લાખાણી તે હીરપલ કોર્પોરેશનના પ્રોપ્રાયટર, રહેવાસી: બી/૯૦૬, શાલીગ્રામ એપાર્ટ., નવી કોર્ટ બિલ્ડીંગની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત, (M) 98986-15011** ની અરજી મળેલ છે. જે અન્વયે આમુખમાં દર્શાવેલ ઠરાવોથી મળેલ સત્તાની રુએ મોજે: **Ichhapore**(ગામતળ) તાલુકા: **Choryasi** જીલ્લા: સુરત સી.સ.નં.: **1237 થી 1244** નુ કુલ ક્ષેત્રફળ **746.61** ચો.મી. છે. તેમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 (1976 નો રાષ્ટ્રપતિ અધિનિયમ નં.29) ની કલમ 29/1/1, 29/1/2, 29/1/3, 34, 49/1/ખ હેઠળનાં આ સાથે સામેલ કરેલ શરતોને આધિન સામેલ નિર્દિષ્ટ અનુસુચિમાં દર્શાવ્યા મુજબ રહેણાક હેતુ માટે લો-રાઈઝ બિલ્ડીંગનું કુલ **2165.90** ચો.મી. નું બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**અનુસુચિ**

(BUA TABLE PER FLOOR BUILDINGWISE)

| Floor Name | Building Name | |
|---|---|---|
| | A (TYPE) | |
| | Total Built Up Area (Sq. mt.) | Total FSI Area (Sq. mt.) |
| Ground Floor | 356.92 | -- |
| First Floor | 356.92 | 303.89 |
| Second Floor | 356.92 | 303.89 |
| Third Floor | 356.92 | 303.89 |
| Fourth Floor | 356.92 | 303.89 |
| Fifth Floor | 330.21 | 277.18 |
| Stair (2 nos.) & Lift Cabin | 51.09 | -- |
| Total: | 2165.90 | 1492.74 |

આમુખ-1 માં જણાવેલ અરજી અન્વયે અત્રે રજુ કરેલ લે-આઉટ પ્લાન ડીટેઈલ પ્લાન (નકશાનો સેટ-1 = 04 (ચાર) નકશા) માં જરુરી સહી/સિક્કા કરી નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે.

**શરતો** :

1. સદરહું જમીનનો બીનખેતીનો ઉપયોગ કરતા પહેલા અન્ય કાયદા હેઠળ જરૂરી બાંધકામની પરવાનગી સ્થાનિક સંસ્થા પાસેથી મેળવીને બાંધકામ કરવાનું રહેશે. આ સિવાય કરેલ વિકાસ/બાંધકામ ગેરકાયદેસર ગણાશે.
2. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ 1976 ની કલમ-26 અને 49 અન્વયે સદરહું જમીનમાં બાંધકામ પુનરાવર્તિત વિકાસ યોજના/નગર રચના યોજનાની દરખાસ્તો અને નિયમો મુજબ કરવાનું રહેશે.

3. બાંધકામ પરવાનગી, સર્વે નંબર/બ્લોક નંબર અથવા ખંડ અગર પ્લોટમાં અરજદાર જે જમીનમાં કબજેદાર/માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવે છે.

4. આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનનો હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી, પરંતુ નિયમોનુસાર વિકાસ અંગેની મંજુરી મળે છે તેમજ આ પરવાનગી અધિકૃત સનદના માપને આધિન રહીને આપેલ ગણાશે.

5. વિકાસ નકશામાં અને નગર રચના યોજનામાં જુદા જુદા વિસ્તારમાં જમીનનો અને મકાનના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરૂધ્ધનો ઉપયોગ કરી શકશે નહીં તેમજ વિકાસ પરવાનગી માંગણી વખતે નકશાનાં દરેક ખંડનો જે ઉપયોગ હશે તેથી જુદો ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકાશે નહી.

6. વિકાસ માટેની પરવાનગીની અંદર બતાવેલ શરતોમાંથી કોઈ પણ શરતોને ભંગ કરવામાં આવશે તો શહેરી વિકાસ સત્તામંડળ તે શરતોનો અમલ કરાવી શકશે અને શહેરી વિકાસ સત્તામંડળનાં તેવા કૃત્યને લીધે નુકશાન, ખોટ કે હરકત માલિકને થાય તે બદલ કંઈ પણ બદલો મળી શકશે નહીં.

7. વિકાસ પરવાનગી સત્તામંડળના પ્રવર્તમાન નિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હકકોનાં નુકશાનો અંગે સત્તામંડળની કોઈપણ જવાબદારી રહેતી નથી.

8. વિકાસ પરવાનગી સત્તામંડળનાં અધિકારી જોવા માંગે તો તે બતાવવા માલિક બંધાયેલા છે જો તે નહિ બતાવે તો તે કામ બંધ કરવા હુકમ કરશે અને તે મુજબ કામ બંધ કરવાનું રહેશે તેમજ વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલા નકશાઓનો (લેમીનેટેડ કરાવેલ) એક સેટ/નકલ સ્થળ પર રાખવાનો રહેશે તેમજ વિકાસ પરવાનગી નબંર/તારીખ જમીનની વિગતો દર્શાવતું બોર્ડ પણ પ્રસિધ્ધ કરવાનું રહેશે.

9. આ વિકાસ પરવાનગી આપ્યા તારીખથી 12 માસ સુધી અમલમાં રહેશે તથા આ હુકમની તારીખથી નિયમોનુસાર મળવાપાત્ર સમયમર્યાદામાં આપેલ મંજુરી મુજબનું વિકાસ કાર્ય સમયાંતરે રીન્યુઅલ મેળવી પુર્ણ કરવાનું રહેશે તથા તે અંગેનું સત્તામંડળનું ઓક્યુપન્સી સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે. જો તેમ ન કરાવમાં આવે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે તથા તે અન્વયે અત્રે ભરેલ સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

10. વિષયવાળી જમીન લેન્ડ એક્વીઝેશન એક્ટ- 1894 મુજબ એક્વાયર કરનારેન સદરહું એક્ટની કલમ-4 અન્વયે નોટીફીકેશન નિકળ્યુ હશે તો એક્વીઝેશન એક્ટની કલમ-24(7) મુજબ મહેરબાન કલેક્ટર સાહેબની રજા, બાંધકામ શરુ કરતા પહેલા લેવાની રહેશે.

11. વખતોવખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી તથા સરકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો કે સુચનાઓ તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

12. અરજદાર આ સત્તામંડળ તથા સરકારશ્રી વખતોવખત નકકી કરે તે મુજબના ડેવલપમેન્ટ ચાર્જીસ, અન્ય ચાર્જીસ ડીપોઝીટ તેમજ ફી ભરવા જવાબદાર રહેશે.

13. ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો ૧૯૭૬ ની કલમ ૨૯/૫, ૩૫, ૩૭, ૪૯/૧ અને ૯૮ વગેરેની જોગવાઈ મુજબ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે.

14. જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાના કારણો તેમને બંધનકર્તા રહેશે.

15. ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ સિવાયના બીજા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીઓને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

16. મંજુર થયેલ પ્લાન મુજબનો વિકાસ શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ નિયમોનુસારના ડીટેઈલ વર્કીંગ ડ્રોઈંગ તથા સ્ટ્રકચરલ ડ્રોઈંગ અત્રે રજુ રાખી તથા તેના અનુંષાંગીક રીપોર્ટસ સમય અંતરે અત્રે રજુ કરી તથા તબકકાવાર પ્રગતિની અત્રે નિયત નમુનામાં જાણ કરી તપાસ કરાવવાની શરતોએ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોઈ તેનો ભંગ થયે આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

17. રજુ થયેલ નકશામાં દર્શાવ્યા મુજબનો વિકાસ કરતાં પહેલા સ્થળે ખાનગી હકકોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત પ્રવેશ રજુ કરેલ પુરાવા મુજબ મેળવી લેવાનો રહેશે.

18. રહેણાંક હેતુનાં બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નિતી-નિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા તે અન્વયે સબંધકનું ન વાંધા પ્રમાણપત્ર મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

19. માર્જીનવાળા ભાગમાં આંતરિક રસ્તા ઉપર અને કોમન પ્લોટમાં, કોઈને અંતરાયરૂપ ન થાય, તે રીતે યોગ્ય સ્થળે કુલ જમીનમાં વિસ્તારની ગણત્રી મુજબ ૨૦૦ ચો.મી. દીઠ ત્રણ વૃક્ષા પ્રમાણેના વૃક્ષો વાવવાના તથા ઉછેરવાના રહેશે તેમજ તે અન્વયે અરજદારશ્રીને અત્રે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

20. વરસાદી કુદરતી પાણીના વ્હેણને, અવરોધ ન થાય અને તેનો યોગ્ય રીતે અને સરળતાથી નિકાલ થાય તેવી જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

21. લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રી-ચાર્જીગના કુવા અંગેનું આયોજન રજુ કરેલ બાંહેધરી મુજબ કરવાનું રહેશે.

22. માન્ય લેબોરેટરીના સોઈલ ઈન્વેસ્ટીંગેશન રીપોર્ટ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યનો યોગ્યતા અને સલામતીના માપદંડ તથા સુચવેલ ભલામણોનો અમલ કરી તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબુતાઈ અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરે નકશા તૈયાર કરવાનાં રહેશે તથા બાંધકામ કરવાનું રહેશે તથા તેની જાણ સમયાંતરે સત્તામંડળને કરવાની રહેશે.

23. મંજુર કરેલ આયોજનમાં નિયમ મુજબ સ્થળે રોડ સાઈડ ફ્રન્ટ માર્જિનમાં કચરાપેટી તથા ટપાલ બોક્ષને લગતી સુવિધા આયોજકે કરવાની રહેશે.

24. રજુ કરેલ આયોજન સંદર્ભે મિલકતની સલામતી માટે ઈન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેસીફીકેશન તથા એન.બી.સી. ના નિયમોનુસાર સ્ટ્રકચરલ સ્ટેબીલીટી, ફાયર સેફ્ટી તથા અન્ય બાબતો લક્ષમાં લઈ વિકાસ કાર્ય/ બાંધકામ કરવાનું રહેશે તથા તે અંગે જરૂરી સક્ષમ અધિકારી/વિભાગ તરફથી ન વાંધા પ્રમાણપત્ર મેળવી અત્રે રજુ કરવાનું રહેશે તથા તે અંગેની સંપૂર્ણ જવાબદારી અરજદાર/ડેવલપરશ્રીની રહેશે.

25. લે-આઉટમાં દર્શાવેલ ઓપન સ્પેસ, બાંધકામ નિયંત્રણ રેખા તથા માર્જિનની ખુલ્લી જમીનમાં કોઈપણ પ્રકારની બાંધકામ/ વિકાસ કાર્ય કરવાનું રહેશે નહીં.

26. મંજુર કરેલ આયોજનમાં નિયમોનુસાર ખુલ્લી જમીનમાં ઈલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર માટેની જમીન અલગથી ફાળવી જે તે સુવિધા આયોજકે કરવાની રહેશે.

27. નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઈઓનું ચુસ્તપણે સ્ટ્ર.એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીએ ચુસ્તપણે અમલ કરી બાંધકામ કરવાનું રહેશે. તથા રજુ કરેલ એફીડેવીટનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

28. નેશનલ બિલ્ડીંગ કોડના ઉપલક્ષામાં ફાયર ફાઈટીંગ પ્રોવિઝન, અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની જોગવાઈ વિગેરેની સંબંધક ખાતાની એન.ઓ.સી. મેળવી કરવાની રહેશે.

29. ઈન્ટરનલ ફાયર હાઈડ્રન્ટ માટે ની લાઈટીંગ ની/ઇલે. સર્કીટ ની અલાયદી વ્યવસ્થા જે તે સંબંધક ખાતા નું "ન વાંધા પ્રમાણપત્ર" મેળવી આયોજકે કરવાનું રહેશે.

30. મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ શરું કરતાં પહેલાં વર્કિંગ ડ્રોઈંગ, સ્ટ્રકરલ ડ્રોઈંગ સત્તામંડળમાં રજુ કરવાના રહેશે તથા જી.ડી.સી.આર.ની જોગવાઈ મુજબ દરેક બાંધકામનો તબકકાવાર પ્રગતિ અહેવાલ સત્તામંડળમાં રજુ કરવાનો રહેશે. બાંધકામની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી જળવાઈ રહે તે મુજબ બાંધકામ કરવાની સમગ્ર જવાબદારી એન્જી./સ્ટ્ર.એન્જી/ડેવલપરશ્રીની રહેશે.

31. મકાન અને અન્ય બાંધકામ કામદારો (રોજગારનું નિયમન અને સેવાની શરતો) ધારો-૧૯૯૬ હેઠળ સંયુકત નિયામકશ્રી,સલામતી અને સ્વાસ્થયની કચેરી, સી બ્લોક પાંચમો માળ અને સાતમો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરતને બાંધકામ શરૂ કરવાના ૩૦ દિવસ પહેલા કામ શરૂ કરવા અંગે નોટીસ મોકલવી અને બાંધકામ શરૂ કર્યા બાદ ૬૦ દિવસમાં જરૂરી નોંધણી અંગે પ્રમાણપત્ર મેળવી તેની નકલ અત્રેની કચેરીએ રજુ કરવાની રહેશે.

32. નકશામાં દર્શાવેલ સી.ઓ.પી.ની જમીન તથા રસ્તાની જમીન સ્થળે હમેશાં ખુલ્લી રાખવાની રહેશે, સદરહુ જમીન કોઈને વેચી કે તબદીલ કરી શકાશે નહી.

33. સુડાના માન્ય આર્કી.શ્રી/એન્જી.શ્રીને અત્રેની પરવાનગી વગર રદ કે ફેરફાર કરી શકાશે નહિ.

34. સેપ્ટિક ટેંક તથા સોકવેલની સાઇઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (IS Code-2470) તથા CGDCR-2017 ના રૂલ્સ નં.૧૩.૯.૧ મુજબ સિવરેજ ના નિકાલની વ્યવસ્થા/જોગવાઇ કરવાની તથા નિભાવણી કરવાની જવાબદારી આર્કીટેક્ટ/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનીયર/કલર્ક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ડેવલોપર્સ/જમીન માલિકની રહેશે.

35. પ્રશ્ન હેઠળની મિલ્કત અન્વયે કોઈપણ કાયદા હેઠળ વાદ / વિવાદ કોર્ટમેટર જો હોય તો તેનો નિકાલ તથા નિર્ણયને આધિન રહેશે, બંધનકર્તા રહેશે.

36. સવાલવાળી જમીનમાં વિકાસ પરવાનગી/બાંધકામ પરવાનગી રેગ્યુલેશન અન્વયે (રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ અંતર્ગત ની જોગવાઇ મુજબ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તથા તેની તમામ શરતોનું પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

37. સવાલવાળી જમીનમાં બાંધકામ શરૂ કરતા પહેલા સંબંધિત કચેરીથી સવાલવાળી જમીનનું એકત્રીકરણ કરાવી લેવાનું રહેશે અને સદર એકત્રીકરણ હુકમ અત્રેની કચેરીએ રજુ કરવાનો રહેશે. તેમ ન થયેથી સદર વિકાસ પરવાનગી રદ થયેલ ગણાશે.

38. ઉપરોકત જણાવેલ કોઈપણ શરતનો ભંગ થશે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે.

સહી/-
(વી . પી . પટેલ )
પ્રવર નગર નિયોજક
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત

સામેલ: મંજુર નકશાનો સેટ (1 સેટ= 04 (ચાર) નકશા)

Proposal No. : NO.SUDA/U-4/ICH/0051/19-20/ ૨૪૪૦૨ Outward Date : 24 OCT 2019

પ્રતિ,

શ્રી મેહુલભાઈ લાભુભાઈ લાખાણી તે હીરપલ કોર્પોરેશનના પ્રોપ્રાયટર,

રહેવાસી: બી/૯૦૬, શાલીગ્રામ એપાર્ટ., નવી કોર્ટ બિલ્ડીંગની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત,

(M) 98986-15011

<u>નકલ જય ભારત સહ રવાના</u> :

1. જિલ્લા કલેક્ટરશ્રી, કલેકટર કચેરી, સુરત (મંજુર લેઆઉટની નકલ).
2. તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા. Choryasi, જી. સુરત
3. શ્રી Thakkar Smitkumar Jawaharbhai (Engineer), Add - 509-510, Luxuria Trade Hub, Y-Junuction, Dumas road, Surat, (M) 9979200092
4. આલેખન શાખા- સુડા. (નકશાના સેટની નકલ સાથે)
5. મામલતદારશ્રી, બીનઅધિકૃત બાંધકામ શાખા – સુડા. (નકશાના સેટની નકલ સાથે )
6. ઝોન - Zone A, સુડા. (નકશાની નકલસહ સ્થળ નીરીક્ષણ માટે)
7. સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નંબર-૩ સુરત, બહુમાળી મકાન, નાનપુરા, સુરત. (નકશાના સેટની નકલ સાથે )
8. સંયુક્ત નિયામકશ્રી, ઓધોગિક સલામતી અને સ્વાસ્થયનાં સયુકત નિયામકની કચેરી, છઠો માળ, જિલ્લા સેવાસદન-2, અઠવાલાઈન્સ, સુરત.

<u>નકલ રવાના</u> :

તલાટી કમ મંત્રીશ્રી **Ichhapore** તા. **Choryasi** રેકર્ડમાં જરુરી નોંધ કરવા સારુ.

"મુ. કા. અ. શ્રીની પ્રકરણ ઉપરની મંજુરી અન્વયે"

રવાના કર્યુ.

PN Tiwari

મદદનીશ નગર નિયોજક

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

સુરત